# Shree Harignanamrut Kavya Amrut Bindu 2

## Jagatanā Sarva Granthomā

જગતના સર્વ ગ્રંથોમાં, વચનામૃત ગ્રંથ સારો છે;
Jagatanā sarva granthomā, vachanāmrut grantha sāro chhe;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે...જગતના...ટેક
Jeevonā mokshane māte, sarvottam sauthee nyāro chhe…Jagatanā…(chorus)

કેવળ કૃપાળુ બાપાશ્રી, તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
Kevar kruparu Bāpāshree, tanee rahasyarth pradeepikā;
સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસે, પ્રશ્નો પૂછી કરી ટીકા...જગતના...૧
Sadguru Ishwarcharandāse, prashno poochhee karee teekā…Jagatanā…1

વચનામૃતના જ આધારે, ઉત્તર પ્રશ્નો તણા કીધા;
Vachanāmrutnā ja ādhāre, uttar prashno tanā keedhā;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધા...જગતના...૨
Rasabasanee vāt samajāvee, jeevone nyāl karee deedhā…Jagatanā…2

શ્રીજીના વચનાનુસારે, ટીકામાં વચનો ગાયાં છે;
Shreejinā vachanānusāre, teekāmā vachano gāyā chhe;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે...જગતના...૩
Potānā bārako jānee, anerā amrut pāyā chhe…Jagatanā…3

પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે;
Pote dukho ghanā vethee, jeevone sukha āpyā chhe;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે...જગતના...૪
Krupāthee murti āpeene, janamanā dukh kāpyā chhe…Jagatanā…4

રહસ્યાર્થ પ્રદીપિકા, ટીકા સહ વચનામૃત જે છે;
Rahasyārth pradeepika, teekā saha vachanāmrut je chhe;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મર્તિમાંહી લે છે...જગતના...૫
Pārāyan pāth karatāne, Shreeji murtimāhee le chhe…Jagatanā…5

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં, છોડી શ્રીજી વચને જોજો;
Pramān apramānanā gappā, chhodee Shreeji vachanne jojo;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિના સુખમાં સહુ ઠરજો...જગતના...૬
Dāsānudās kahe bhāee, murtinā sukhamā sahu tharjo…Jagatanā…6

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com